Price ₹ 5/-

વર્ષ-૧૩, અંક-૧૫૦, ૧૫ જૂન, ૨૦૨૨

# મારું હૃદય



## કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. વિપુલ કપૂર | +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮ | ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. તેજસ વી. પટેલ | +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦ | ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ | ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ | ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ | | |

## પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

## કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. અમિત ચંદન | +૯૧-૯૬૯૯૦ ૮૪૦૯૭ |
| ડૉ. કિશોર ગુપ્તા | +૯૧-૯૯૧૪૨ ૮૧૦૦૮ |
| ડૉ. નિકુંજ વ્યાસ | +૯૧-૭૩૫૩૧ ૬૫૯૫૫ |

## પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

## કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

## કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

## કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. હિરેન કેવડીયા | +૯૧-૯૮૨૫૪ ૬૫૨૦૫ |

## નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

JCI NABH NABH ER ACC International Centers Of Excellence

Marengo CIMS Hospital



## સીપીઆર - કાર્ડિયાક મસાજ

CPR (Cardiopulmonary Resuscitation) એટલે કે કાર્ડિયાક મસાજ ની મહત્તા સમજવા માટે એક તાજા સમાચાર જણાવીએ. અમદાવાદમાં એક ફ્રેન્ચ યુગલ પોતાની ૫ વર્ષની દિકરીને લઈને વેકેશન માણવા આવ્યા હતા. હોટલના રૂમના બાથરૂમમાં રમતાં રમતાં આ છોકરી બાથટબમાં પડી ગઈ અને ડુબી ગઈ. પિતાએ આ છોકરીના પડવાનો અવાજ સાંભળ્યો અને તુરંત મદદે દોડી આવ્યા. છોકરીને પાણીની બહાર કાઢી તો તેનો શ્વાસ ચાલતો ન હતો અને તેના નાડીના ધબકારા પણ બંધ હતા. પિતાએ સમય વેડફ્યા વગર પત્નિને ડોકટરની મદદ માટે ફોન કરવા કહ્યું અને પોતે બાળકીને પોતાના બંન્ને હાથથી છાતી પર મસાજ આપવા લાગ્યા અને વચ્ચે વચ્ચે મોઢાથી શ્વાસ આપવા લાગ્યા. આ ક્રિયા તેણે જયાં સુધી એમ્બ્યુલન્સ ન આવી ત્યાં સુધી ચાલુ રાખી. એમ્બ્યુલન્સમાં આવેલા ડોકટરે ત્વરીત બાળકીને વેન્ટીલેટર પર મુકી અને જીવનરક્ષક દવાઓ આપી. ફકત પંદર મિનિટમાંજ આ બધી ઘટના બની સોળમી મિનિટે બાળકીને ભાન આવ્યું અને તેણે શ્વાસ લેવાનું શરૂ કર્યું. તેણે હોસ્પિટલમાં ૩ દિવસ રાખીને જરૂરી સારવાર બાદ રજા આપવામાં આવી અને આજે તે ફ્રાન્સમાં સ્કૂલમાં ભણી રહી છે.

ડોકટરના જણાવ્યા મુજબ જો તેના પિતાએ બાળકીને કાર્ડિયાક મસાજ ન આપ્યો હોત તો કદાચ તેને બચાવી શકાઈ ન હોત. પિતા પોતાના શાળા જીવન દરમિયાન સીપીઆર શીખ્યા હતા. પણ આજના જમાનામાં આવા નસીબદાર લોકો કેટલા? એક અભ્યાસ પ્રમાણે હૃદય બંધ પડી જવા બાદ ફકત ૧૦ ટકા લોકોને જ આ સારવાર મળી શકે છે અને તેમાંથી ૨૫ ટકા જ બચી શકે છે. જો આવી સારવાર દરેકને મળી શકે તો કેટલા જીવ બચી શકાય તે વિચારો ?

આપણી સમક્ષ બીજા તાજા ઉદાહરણોમાં વિમાનમાં હાર્ટએટેક આવ્યા પછી કોઈ સારવાર ન મળી હોવાના કેટલા બધા કેસ છે?

### જીવનરક્ષાની સાંકળ



| | | | | |
|---|---|---|---|---|
| ફોન કરો 1800 309 9999 અથવા 108 | સીપીઆર | વહેલી તકે જાણકારી આપો | આધુનિક સારવાર માટે મોકલો | હોસ્પિટલમાં આપવામાં આવતી તબીબી સારવાર |



MarengoCIMS Hospital

## કાર્ડિયાક મસાજ શું છે?



જયારે કોઈ વ્યકિતનું હૃદય બંધ પડી જાય તો તેને ચાલુ કરવા માટે બન્ને હાથ વડે તેના છાતીના વચલા હાડકાં પર એક ચોક્કસ ગતિ અને લયમાં મસાજ આપવામાં આવે છે તેને કાર્ડિયાક મસાજ અથવા સીપીઆર કહે છે.

કાર્ડિયાક મસાજ કેવી રીતે અને કયારે કરવું તેના પર છેલ્લાં 50 કે તેથી વધુ વર્ષોથી વિશ્વભરના ડોકટરો ગહન અભ્યાસ કરી રહયા છે અને તાજેતરમાં જ ઓગસ્ટ, 2010 માં અમેરિકન હાર્ટ એસોસિયેશન (AHA) દ્વારા કાર્ડિયાક મસાજમાં મહત્વપૂર્ણ સુધારા અને સુચનો બહાર પાડવામાં આવ્યા છે. અને તેને વધુ ને વધુ લોકો સમક્ષ લાવવા માટે એક સૂત્ર વહેતું મુકવામાં આવ્યું છે જેને “Hands Only CPR” અથવા ફકત હાથ દ્વારા સીપીઆર / કાર્ડિયાક મસાજ કહે છે.

## Hands Only CPR કેમ ? અથવા મસાજ અને કૃત્રિમ શ્વાસોચ્છવાસ કેમ નહિ ?



નવા સુચનો પહેલાં CPR કે કાર્ડિયાક મસાજમાં કૃત્રિમ શ્વાસોરછવાસ પર વધુ ભાર આપવામાં આવતો હતો નહિ કે મસાજ પર. પણ તાજેતરમાં થયેલા અભ્યાસો મુજબ જો વ્યકિતને મસાજ સમયસર મળે અને કૃત્રિમ શ્વાસોરછવાસ આપી ન શકાય તો પણ શરીરમાં પહેલેથી ઓગળેલો ઓકસીજન લોહીના પરીભ્રમણ દ્વારા શરીર વાપરી શકે છે. બીજુ આપણે ગમે તેટલા મોર્ડન કહીએ પણ અજાણી વ્યકિતને મોઢાથી શ્વાસ આપતા આજે પણ આપણે અચકાઈએ છીએ. જેથી આપણે સીપીઆર પણ આપીએ નહિ.

આ બધાં કારણોસર નવા સૂચનોમાં Hands Only CPR પર વધુ ભારણ આપવામાં આવ્યું છે જેથી કરીને આ જીવનદાયક પદ્ધતિ વિશ્વમાં દરેક વ્યકિતને શીખવાડી શકાય અને વધુને વધું જીવ બચાવી શકાય. આ લેખ લખવાનું કારણ પણ આ પદ્ધતિને દરેક વ્યકિત સુધી પહોચાડવાનું જ છે. જેથી આપણા સમાજમાં આપણે જ જીવન બચાવવાનું કામ કરીએ અને બીજાના આશીર્વાદ પામીએ. જો વ્યકિતને આ પ્રાથમિક સારવાર મળે તો કદાચ સમયસર પહોચેલા ડોકટર પણ વ્યકિતનો જીવ બચાવી શકે.

ઉપરાંત, જો દસ થી પંદર મિનિટ સુધી સીપીઆર કે કાર્ડિયાક મસાજ ન મળે તો વ્યકિતના મગજને આજીવન નુકશાન થઈ જાય છે અને તે કોમામાં જતા રહે છે કે બ્રેઈન ડેડ થઈ જાય છે.

હવે તો ભારતમાં પણ આ અંગે જાગૃતિ ફેલવવામાં આવી રહી છે. ચેન્નાઈની Tact એકેડેમી અને આપણાં અમદાવાદની સીમ્સ હોસ્પિટલ જેવી તબીબી સંસ્થાઓ સીપીઆર માટે સમાજના જુદા જુદા લોકોને નિ:શુલ્ક તાલીમ આપે છે. તેઓ પૂતળાની ઉપર સીપીઆર કરીને પણ બતાવે છે. અને આ તાલીમ ફકત દોઢથી બે કલાકનો સમય લે છે. અન્ય બાબતોની જેમ વિદેશો આમાં પણ ભારતથી બે ડગલા આગળ છે. ત્યાં તો બાળકોને શાળામાં જ આવી તાલીમ રાખવામાં આવતી હોય છે. આપણાં સમાજમાં આવી તાલીમ હજી સુધી મેડિકલ અને પેરામેડિકલ સંસ્થાઓ સુધી જ સીમિત હતી પણ સીમ્સ હોસ્પિટલ જેવી સંસ્થાઓની પહેલ પછી આજે તેઓ સમાજના જ 2000 થી વધુ લોકોને આ તાલીમ આપી ચૂકયા છે અને તેઓ આ તાલીમાર્થી પાસેથી વચન પણ લે છે કે તેઓ આજ પદ્ધતિ બીજા લોકોને પણ શીખવાડશે.

## સીપીઆરની પદ્ધતિ



દર્દીની પ્રતિક્રિયા માટે તપાસ કરો

જીવલેણ ઘટનાઓ ઓળખો:- તમારી આજુબાજુમાં જયારે કોઈ વ્યકિત બેભાન થાય અને ધબકારા તથા શ્વાસ બંધ થઈ જાય ત્યારે તેને હલાવીને કે નામથી બોલાવીને ખાતરી કરો કે તે ખરેખર બેભાન છે. જો તે બેભાન છે તો

ત્વરિત મદદ માંગો. તરત જ આજુબાજુમાં કોઈ હોય તો તેમને તબીબી મદદ માટે ફોન કરવા કહો અથવા જાતે જ ૧૦૮ જેવી ઈમરજન્સી સર્વિસને ફોન કરો ત્યારબાદ,

CAB અનુસરો જયાં

C. Circulation / મસાજ

A. Airway / શ્વસનમાર્ગ

B. Breathing /શ્વાસોરછવાસ


Marengo CIMS Hospital

પહેલા જણાવ્યા મુજબ સામાન્ય વ્યકિત ફકત C ને અથાર્ત કાર્ડિયાક મસાજ માત્રને અનુસરે તો પણ ચાલે છતાં જો આવડતું હોય તો તે C-A-B અનુસરી શકે.

**C. Circulation / મસાજ :-**

અહિ જેના ગળાની નાડીના ધબકારા બંધ થાય/ શ્વાસોરછવાસ બંધ થઈ જાય તે વ્યકિતને સૌ પ્રથમ સપાટ જમીન પર સુવડાવવામાં આવે છે. તેની જમણી કે ડાબી બાજુએ છાતી પાસે ઘૂટણીએ બેસવામાં આવે છે સપાટ અને કઠણ જમીન હશે તો જ તમારા મસાજથી શરીરમાં હૃદયનું દબાણ આપીને રકત પરિભ્રમણ કરી શકાશે. હવે તમારા બંન્ને હાથની આંગળીઓ એકબીજા ઉપર પરોવો.છાતીના વચલાં હાડકાના નીચેના છેડાથી બે આંગળી ઉપરના તમારા હાથની હથેળી મૂકો. હવે કમરથી ઝૂકીને શરીરનો બધો જ ભાર સીધા ટ્ટાર હાથ પર મૂકીને દબાણ આપવાનું શરૂ કરો. આ ગતિ દર મિનિટે ૧૦૦ વારની રાખવી. સતત બે મિનિટ સુધી આમ કરવું દર બે મિનિટે વ્યકિતને ધબકારા પાછા આવ્યા કે નહિ કે શ્વાસ લે છે કે નહિ તે તપાસ કરવી. આ તપાસમાં પણ ૫-૧૦ સેકન્ડથી વધારે ન લગાડવું. જો થાકી જાવ તો બીજાની મદદ લો. આ ક્રિયા દરમ્યાન શરીર છાતીના ભાગેથી ઓછામાં ઓછું અઢી ઇંચ દબાવું જોઇએ. જયાં સુધી દર્દી જાગે નહિ કે તબીબી મદદ મળે નહી ત્યાં સુધી આ ક્રિયા ચાલુ રાખો.

**A. Airway / શ્વસનમાર્ગ:-**

આ પ્રક્રિયામાં મસાજ આપતાં આપતાં વ્યકિતઓ શ્વાસમાર્ગ અર્થાત મોઢા કે નાકમાં કંઈ ન હોય તેની ખાત્રી કરી લેવી અને બને તો તેમના માથા નીચે પાતળું ઓશીકું મૂકી દેવું અને માથું બાજુએ ફેરવી દેવું.

**B. Breathing / શ્વાસોચ્છવાસ:-**

આ પ્રક્રિયા માં મોઢું ખોલી અને નાકને બંધ કરી મોઢા પર મોઢુ મૂકીને ઉંડો શ્વાસ આપવો જેથી છાતી ફૂલે. આવાં બે શ્વાસ દસ સેકન્ડમાં દરેક 30 મસાજ પછી આપી શકાય.

સામાન્ય વ્યકિત A અને B ન કરે તો પણ ચાલે ફકત C કાર્ડિયાક મસાજ કરી શકાય.

Recovery Position : દર્દીના ધબકારા તથા શ્વાસ ચાલુ થાય જયાં સુધી તેને તબીબી સહાય ન મળે ત્યાં એક પડખે એક પગ વાળીને સુવાડી રાખવામાં આવે છે.



**કાર્ડિયાક મસાજ વિશે બીજી જાણવા જેવી બાબતો:-**

૧. નવા સૂચનો મુજબ Hands Only CPR અને C.A.B નહિ કે A.B.C
૨. શ્વાસ આપવા માટે સમય બગાડયા વગર સતત કાર્ડિયાક મસાજ જ વધુ જીવન બચાવશે.
૩. જો શરૂઆતની દસ-પંદર મિનિટ મસાજ નહિ કરીએ તો કદાચ તબીબી વિજ્ઞાન પણ જીવન નહી આપી શકે.
૪. કાર્ડિયાક મસાજ કોઈને પણ કરી શકાય જેમ કે

- બાળકોને હલકા હાથે / એક હાથે અથવા બે આંગળા વડે જેવું તેમનું શરીર હોય તેમ.
- પ્રેગનન્ટ દર્દીને જમણા પડખે ઓશીકું મૂકીને પણ કાર્ડિયાક મસાજ આપી શકાય.
- અકસ્માતે છાતી પર ઈજા કે ફ્રેકચર થયેલાને પણ મસાજ આપી શકાય.
- આશ્ચર્ય થાય તેવું સત્ય તો એ છે કે હૃદયની સર્જરી માં પણ જો ચાલુ ઓપરેશને હૃદય બંધ પડે તો હૃદયને હાથ વડે જ સીપીઆર કે મસાજ રાખવામાં આવે છે.
- વિદેશોમાં સીપીઆર આપવાના ઓટોમેટીક મશીનો બનાવવામાં આવે છે જે નિયત સમય અને લય અનુસાર સીપીઆર આપે છે.



**31TH HEART**
TRANSPLANT JUNE 14, 2022



**28TH KIDNEY**
TRANSPLANT JUNE 15, 2022

BLK-MAX
Super Speciality Hospital

Marengo CIMS Hospital

# We Welcome

India's leading and most experienced

**HPB Surgery & Liver Transplantation Team**

at Marengo CIMS Hospital

(In association with BLK-Max Super Speciality Hospital, New Delhi)

EXPERIENCE OF 1500+ SUCCESSFUL ADULT AND PAEDIATRIC LIVER TRANSPLANTS



**Dr. Vikas Patel**
MBBS, MS (General Surgery)

**Dr. Niteen Kumar**
MBBS, MS (General Surgery) & M.Ch (HPB Surgery)

**Dr. Abhideep Chaudhary**
MBBS, MS (General Surgery)
Multiorgan Transplant Surgery Fellowship (Pittsburgh, USA)

**Dr. Gaurav Sood**
MBBS, MS (Surgery), DNB (GI Surgery)

**Dr. Bhavesh Thakkar**
MD(Medicine), DNB (Gastro), Gold Medalist

## Institute of HPB Surgery & Liver Transplantation

## SPECIALISES IN

- Paediatric Liver Transplant
- Simultaneous Liver Kidney Transplant
- Dual Lobe Liver Transplant
- Hepato-Pancreato-Biliary (HPB) Cancer Surgery
- Advanced Liver Transplant Program - Living Related, Cadaveric, ABO Incompatible

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060

**CALL FOR APPOINTMENT**

**1800 3099 999**
Time : 9:00 AM - 7:00 PM (Mon to Sat)

Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ



### હૃદયરોગના હુમલાનો ભોગ બનેલી અને હૃદયમાં ૯૯ ટકા બ્લોકેજ ધરાવતી

## ૧૦૭ વર્ષની મહિલાની એન્જિયોપ્લાસ્ટી

### અને ડ્રગ ઈલ્યુટિંગ સ્ટેન્ટ દ્વારા સારવાર કરાઈ

- દર્દી ૧૦૭ વર્ષની નાજુક તબિયત ધરાવતી મહિલા છે જેના પુત્રની પણ ભૂતકાળમાં ડો. કેયુર પરીખ દ્વારા સારવાર કરવામાં આવી છે
- જમનાબેન (નામ બદલ્યું છે) સારવાર હાથ ધર્યાના ત્રણ કલાકની અંદર જ ચાલવા લાગ્યા હતા

મૈરિંગો સિમ્સ હોસ્પિટલે વિશ્વના સૌથી વૃદ્ધ દર્દી, મધ્ય પ્રદેશના ૧૦૭ વર્ષીય મહિલાની એન્જિયોપ્લાસ્ટી દ્વારા તેમના હૃદયની સામાન્ય કામગીરીને પુનઃસ્થાપિત કરીને સારવારમાં ઇતિહાસ રચ્યો છે. મધ્યપ્રદેશમાં હૃદયરોગનો હુમલો આવ્યા બાદ મહિલા દર્દીને મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી જ્યાં તેની એન્જીયોગ્રાફીમાં હૃદયની ધમનીઓમાં ગંભીર ૯૯% બ્લોકેજ જોવા મળ્યું હતું. ખૂબ જ નાજુક તબિયત ધરાવતી મહિલાએ એક મોટો પડકાર રજૂ કર્યો જેમાં હૃદયની સ્થિતિને યથાવત કરવા માટે એક પ્રોસીજર હાથ ધરવી જરૂરી બની ગઈ હતી. મૈરિંગો સિમ્સ હોસ્પિટલે જીવનના ૧૦૦ વર્ષ પૂરા કરનાર મહિલાની સફળતાપૂર્વક સારવાર કરીને ક્લિનિકલ એક્સીલન્સમાં વધુ એક ઝળહળતો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. પ્રોસીજર પૂરી થયાના ત્રણ જ કલાકની અંદર આ મહિલા ચમત્કારિક રીતે હરતીફરતી થઈ ગઈ હતી. ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ અને મૈરિંગો સિમ્સ હોસ્પિટલના ચેરમેન ડો. કેયુર પરીખના નેતૃત્વ હેઠળ અને કાર્ડિયાક એનેસ્થેસિયોલોજીસ્ટ ડો. ચિંતન શેઠની સહાયતા હેઠળની ટીમે આ સમગ્ર પ્રોસીજર હાથ ધરી હતી. ડો. પરીખ એન્જિયોપ્લાસ્ટીમાં ૩૭ વર્ષથી વધુનો અનુભવ (અમેરિકા અને ભારતમાં) ધરાવે છે અને તેમની ક્લિનિકલ પ્રેક્ટિસના છેલ્લા ૩૫ વર્ષોમાં સૌથી વધુ એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ પ્રોસીજર હાથ ધરનાર પ્રેક્ટિશનર્સમાં સ્થાન ધરાવે છે.

આઈસક્રીમ ખાવાના શોખીન જમનાબેન (નામ બદલ્યું છે) ને હાર્ટ એટેક આવ્યો હતો. જ્યારે પરિવારને લાગ્યું કે તેમની હૃદયની કથળેલી સ્થિતિ માટે તાત્કાલિક સારવાર કરાવવી પડશે ત્યારે તેમણે તેમને મેરેંગો સિમ્સ હોસ્પિટલમાં લાવવામાં જરાય વિલંબ ન કર્યો. લગભગ આઠ કલાકની મુસાફરીમાં આ ૧૦૭ વર્ષની વયની મહિલાને અમદાવાદ લાવવી એ સમગ્ર પરિવારનો સંપૂર્ણ પ્રેમ અને નિશ્ચય હતો. મહિલા દર્દીમાં નબળાઈ હોવા છતાં, કુટુંબને મૈરિંગો સિમ્સ હોસ્પિટલના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખૂબ જ વિશ્વાસ હતો, જ્યાં ક્લિનિકલ એક્સીલન્સ સાથે દરેક દર્દીની શ્રેષ્ઠ સારવાર કરવામાં આવે છે, અને તેઓ તેમના નિર્ણયોમાં ખોટા નહોતા.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં એક દિવસની વયથી માંડીને ૧૦૭ વર્ષની વયના દર્દીઓની ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી અને કાર્ડિયાક સર્જરી દ્વારા સારવાર કરવામાં આવી છે અને તે એક અદ્વિતીય રેકોર્ડ છે. સીએબીજી (બાયપાસ સર્જરી) માટે સારવાર કરાયેલ બ્રિટન/કેન્યાની નાગરિકતા સાથે કેન્યાના ૯૦ વર્ષથી વધુની ઉંમરના આંતરરાષ્ટ્રીય દર્દી, જ્હોન વ્હાઇટ (નામ બદલ્યું છે)નો રેકોર્ડ હજુ પણ ભારતમાં અજોડ છે. જમનાબેનના કિસ્સામાં, પડકારો તેમની વય કરતાં પણ વધુ હતા. રેડિયલ ઇન્ટરવેન્શનલ પ્રક્રિયા માટે દર્દી એટલો તંદુરસ્ત હોવો જોઈએ કે તેના કાંડામાં ડોક્ટરો રેડિયલ આર્ટરી શોધી શકે જે કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. મૈરિંગો સિમ્સ એ ભારતની બહુ ઓછી હોસ્પિટલોમાંની એક છે જે એક દિવસના બાળકોને નિયમિત કાર્ડિયાક ઇન્ટરવેન્શનથી લઈને એક કિલોના વજન ધરાવતા બાળકો તથા ૮૦-૯૦ વર્ષની ઉંમરના અને હવે તો ૧૦૦ વર્ષથી વધુ વયના દર્દીઓની કાર્ડિયાક સર્જરી હાથ ધરે છે. આ ઉપરાંત ગુજરાતમાં આ એકમાત્ર સેન્ટર છે જ્યાં છેલ્લા કેટલાક વર્ષોથી લગભગ તમામ વયજૂથના દર્દીઓમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થાય છે.

ડો. રાજીવ સિંઘલ, ફાઉન્ડિંગ મેમ્બર, એમડી અને સીઈઓ, મૈરિંગો એશિયા હેલ્થકેરે જણાવ્યું હતું કે," મૈરિંગો એશિયા 'પેશન્ટ ફર્સ્ટ'નું વિઝન ધરાવે છે અને અમે અમારા દર્દીઓને ક્લિનિકલ એક્સેલન્સ અને વૈશ્વિક કુશળતામાં બહેતર સારવાર સોલ્યુશન્સ અને વધુ સારા પરિણામો લાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છીએ. શતાયુ પૂર્ણ કરેલ દર્દી પર હાથ ધરવામાં આવેલી આ ઈન્ટરવેન્શનલ કાર્ડિયાક પ્રોસેજરે અમને વધુ પ્રોત્સાહિત કર્યા છે કે જે દર્દીઓએ અમારા પર વિશ્વાસ મૂક્યો છે તેમને આઉટ-ઓફ-બોક્સ ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડવા માટે કોઈ મર્યાદાઓ નથી. અમે ભૂતકાળની જેમ ઉંમર, તબીબી પરિસ્થિતિઓ અને નાણાંકીય અવરોધોના અવરોધોને દૂર કરવાનું અને સમાજમાં વધુ સારું સ્વાસ્થ્ય લાવવાનું ચાલુ રાખીશું. 'પેશન્ટ ફર્સ્ટ'ના વિઝન સાથે, બધા માટે કિફાયતી અને સુલભ હોય તેવા ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ તથા ઉચ્ચતમ ક્લિનિકલ એક્સીલન્સ સાથે, મૈરિંગો સિમ્સ સમગ્ર ભારતમાં અને તેની બહારના દર્દીઓ માટે ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ માટે પસંદગીના સ્થળ તરીકે ઝડપથી ઉભરી રહી છે."

મૈરિંગો સિમ્સ હોસ્પિટલના ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ અને ચેરમેન ડો. કેયુર પરીખે જણાવ્યું હતું કે, "હેલ્થકેર ડિલિવરી માટે ઉંમર ક્યારેય મર્યાદા ન હોવી જોઈએ. ભારતમાં સરેરાશ આયુષ્ય વધી રહ્યું છે અને સ્ત્રીઓની ઉંમર જાપાન અને નોર્વેની મહિલાઓની અનુક્રમે ૭૪ વર્ષ અને ૮૧ વર્ષની વય સમકક્ષ થઇ છે. હેલ્થકેરના બદલાતા ચહેરા સાથે, અમારો ધ્યેય એ છે કે અમારા વૃદ્ધ દર્દીઓને યુવા દર્દીઓની સમાન હેલ્થકેર ડિલિવરીનું સ્થાન મળે."

આ દર્દીનો પરિવાર મૈરિંગો સિમ્સ હોસ્પિટલનો આભારી હતો અને તેમનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે અમારા પરદાદી ઘણા વર્ષો સુધી જીવે. જે દિવસથી અમારા દાદાની એ જ ટ્રીટમેન્ટ માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી અને અમે તેમની રિકવરી જોઈ હતી, અમને ખાતરી હતી કે અમારા પરદાદી પણ ઝડપથી સ્વસ્થ થઈ જશે."

ઇસ્કેમિક હાર્ટ ડિસીઝ (IHD) એ એવા દર્દીઓ માટે શબ્દ તરીકે ઉપયોગમાં લેવાય છે જ્યાં હૃદયની ધમનીઓ સાંકડી હોય અને હૃદયને નબળા પાડતા હૃદયના સ્નાયુઓ સુધી ઓછું લોહી અને ઓક્સિજન પહોંચે છે જે આખરે હાર્ટ એટેકમાં પરિણમે છે. ભારતમાં, અભ્યાસ અને સંશોધનનો મુજબ અંદાજે ચારથી પાંચ કરોડ લોકો IHDથી પીડાય છે અને લગભગ ૧૫ - ૨૦% મૃત્યુ માટે IHD જવાબદાર છે.





Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

## મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



### ડૉ. સ્વાતિ નાયક

MBBS, MS, DNB (Gen. Surgery)
M.Ch. (Urology), FRCS (Urology)

**કન્સલટન્ટ યુરોલોજીસ્ટ**

**Mo. 86068 89141**
**Email : swati.nayak@cimshospital.org**



### ડૉ. નિલેષ ટોક

MBBS, DNB(General Medicine),
DNB (Gastroenterology)

**કન્સલટન્ટ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ**

**Mo. 77362 17580**
**Email : nilesh.toke@cimshospital.org**

**અપોઈન્ટમેન્ટ માટે : 1800 309 9999**

# મૈરિંગો સિમ્સ સુપર સ્પેશ્યાલીટી ઓપીડી (ગુજરાત)

## રાજકોટ

**દર મહિનાના બીજા શનિવારે**

**ડૉ. ધીરેન શાહ**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન

**શ્રી ગિરીરાજ**
**મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**0281 - 7151200**

## પાલનપુર

**દર મહિનાના ત્રીજા બુધવારે**

**ડૉ. કિશોર ગુપ્તા**
કાર્ડિયોથોરાસીસ અને વાસ્ક્યુલર સર્જન

**ડૉ. કેવલ ચાંગડીયા**
ન્યૂરોલોજીસ્ટ (મગજના રોગોના નિષ્ણાંત)

**ડૉ. મોના એન. શાહ**
ગાયનેક ઓન્કોસર્જન,
લેપ્રોસ્કોપીક કેન્સર સર્જન, CRS, HIPEC

**મેડીપોલીસ ક્લિનિક**
**મેડીપોલીસ "જી" બ્લોક**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**+91 70690 33596**

## ભૂજ અને ગાંધીધામ

**દર મહિનાના ચોથા શનિવારે**

**ડૉ. અમિત ચંદન**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીસ સર્જન

**ડૉ. મહાવીર તડૈયા**
જી.આઈ. અને ગાયનેક ઓન્કો સર્જન
HIPEC & PIPEC

**કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**+91 91043 12022**

**ગુરૂકુલ હોસ્પિટલ - ગાંધીધામ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**+91 73839 40900**

## સુરત

**દર મહિનાના પહેલા શનિવારે**

**ડૉ. ધવલ નાયક**
કાર્ડિયોથોરાસીસ વાસ્ક્યુલર અને
હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન
**+91 90 99 11 11 33**

**સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ**

## સુરેન્દ્રનગર

**દર મહિનાના પહેલા રવિવારે**

**ડૉ. વાય સી શાહ**
ન્યૂરો અને સ્પાઈન સર્જન
(મગજ અને કરોડરજ્જુના નિષ્ણાંત)

**મહર્ષિ હોસ્પિટલ**
**સીયુ શાહ મેડીકલ કોલેજ**
**સી જે હોસ્પિટલ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**96389 82751**

## ભૂજ

**દર મહિનાના પહેલા શનિવારે**

**ડૉ. કશ્યપ શેઠ**
બાળ હૃદયરોગના નિષ્ણાંત

**એમ.એમ.પી.જે લેવા**
**પટેલ હોસ્પિટલ - ભૂજ**

**અપોઈન્ટમેન્ટ માટે ફોન:**
**02832-231122/33**

Marengo CIMS Hospital

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2022-2024 issued by SSP Ahmedabad valid upto 31st December, 2024
Licence to Post Without Prepayment No. PMG/NG/090/2022-2024 valid upto 31st December, 2024

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૨૮૨૩

## મેરેંગો સિમ્સ - ઈમરજન્સી અને ટ્રોમા

**Only JCI accredited Multi Super Speciality Emergency Department in Ahmedabad City**








**Marengo CIMS Hospital, Ahmedabad revamps it's EMERGENCY department**

with redefined protocols as per JCI - Joint Commission International (USA) standards to address emergencies from brain stroke, heart attacks and road traffic accidents as

## અમારી વિશિષ્ટ ઓર્થોપેડિક ક્લિનિક્સ



**હિપ ક્લિનિક**
(સોમ - શુક્ર, સાંજે 4 થી 6 સુધી)



**સ્પોર્ટ્સ ઈંજરી (ઈજા) ક્લિનિક**
(સોમ, બુધ, શુક્ર, સાંજે 4 થી 6 સુધી)



**ફુટ એન્ડ એંકલ ક્લિનિક**
(સોમ - શુક્ર, સવારે 11 થી બપોરે 1 સુધી)



**ડાયાબિટીક ફુટ ક્લિનિક**
(દર ગુરુવારે સાંજે 4 થી 6 સુધી)

**અપોઈન્ટમેન્ટ માટે 1800 309 9999**

**23rd TAVI** May 2022

**Transcatheter Aortic Valve Implantation**



Balloon Expandable Valve



Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery

**HIGHEST NUMBER IN GUJARAT**

**100% SUCCESSFUL HOSPITAL OUTCOMES**

**ONE OF THE BEST HEART TEAM OF INDIA**

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



Marengo CIMS Hospital